# મનપાના મિથેન ગેસ પ્લાન્ટના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો

### કર્મચારીઓના વારસદારોને રૂપિયા ૩૯ લાખના ચેક એનાયત કરાયા : પાણી બચાવવા વર્કશોપ-સેમિનાર સહિતના કાર્યક્રમો યોજાવા જોઈએ : મેયરશ્રી હંસાબેન મોદી



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં પાણીનો થતો વ્યય અટકાવવા તંત્રએ કડક હાથે કામ લેવુ જોઈએ અને જળસંચયના કાર્યક્રમોને અપનાવવા માટે આજે મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ જણાવ્યું હતુ.

મહાનગરપાલિકાના મિથેન ગેસ પ્લાન્ટના ભૂમિપૂજન પ્રસંગે તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે પાણીની બચત અને ઊર્જા બચતની બાબતમાં સામાજિક જાગૃતિ વધુ જરૂરી બની છે. તેમણે આ દિશામાં સરકાર દ્વારા જે પગલાં લેવાઈ રહ્યા છે તેમાં નાગરિકોના સરકારાત્મક અભિગમો આગ્રહ રાખતાં જણાવ્યું હતું કે જળસંચય માટે ખાસ વર્કશોપ યોજવા જરૂરી બન્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે સેક્ટર-૩૦માં આવેલ ડમ્પીંગ સાઈટ ખાતે મિથેન બાયોગેસ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વર્ગસ્થ કર્મચારીઓના વારસદારોને ઉચ્ચક નાણાંકીય સહાય અન્વયે ચેક એનાયત કરવા ચેક વિતરણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયરશ્રી હંસાબેન મોદી, ડે. મેયરશ્રી કાર્તિકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ, નેતાશ્રી ગોવિંદભાઈ પરમાર, પૂર્વ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ડે. મેયરશ્રી સુભાષભાઈ પાંડવ,પૂર્વ નેતાશ્રી

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૪ નું પરિણામ

### જિલ્લામાંથી ૫૫૬૧ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. ગુજકેટનું પણ પરિણામ જાહેર થશે

ગાંધીનગર તા ૨૭

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫ માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ૪ ની બોર્ડ કસોટીનું આજે પરિણામ જાહેર થશે.સવારે ૯ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૫૬૧ જેટલા વિધાર્થીઓએ બોર્ડની પરિક્ષા આપી હતી.બોર્ડ પરિક્ષાના પરિણામને અનુલક્ષી વિધાર્થીઓ તેમજ વાલીઓમાં પણ ઉત્તેજના પ્રવર્તી છે.ગુજકેટનુ પણ પરિણામ જાહેર કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૪ ની પરિક્ષાનું પરિણામ તા ૨૮ મેં ના રોજ સવારે ૯ કલાકે જાહેર કરવામાં આવશે. અગાઉ તા ૨૫ મેં ના રોજ બોર્ડ પરિક્ષાનું પરિણામ જાહેર કરવાનું હતું ત્યારબાદ બોર્ડ કક્ષાએથી તારીખમાં ફેરફાર કરવામાં આવતા તા ૨૮ મેં ના રોજ પરિણામ જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો.ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સવારે ૯ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી બોર્ડનું પરિણામ જાહેર થશે.પરિણામનો દિવસ આખરે આવી જતા વિધાર્થીઓ તેમજ વાલીઓની ઉત્તેજનાનો અંત આવી ગયો છે.ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૫૬૧ જેટલા વિધાર્થીઓએ ધોરણ ૧૨માં સેમેસ્ટર ચારની પરિક્ષા આપી હતી.જયારે ૨૭૫૧ વિધાર્થીઓએ ગુજકેટની પરિક્ષા આપી હતી.આજે પરિણામ જાહેર થતા આ વિધાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીનો ફેંસલો થશે. માર્ચ ૨૦૧૫ દરમિયાન લેવાયેલી આ પરિક્ષા દરમિયાન ગેરરિતી ન થાય તે માટે બોર્ડ કક્ષાએથી પ્રત્યેક પરિક્ષા કેન્દ્રો ખાતે સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી. જયારે આ દરમિયાન ગેરરિતી કરતા ઝડપાયેલા વિધાર્થીઓના પરિણામ બોર્ડ દ્વારા અટકાવવામાં આવશે. છેલ્લા ત્રણ વર્ષથી બોર્ડ દ્વારા ગ્રેડેશન પધ્ધતિથી પરિણામ આપવામાં આવે છે. બોર્ડ પરિણામને અનુલક્ષીને વિધાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવી ગયો છે. સવારે ૧૧ વાગ્યા બાદ વિધાર્થીઓને શાળા કક્ષાએથી માર્કશીટ પણ આપી દેવામાં આવે તેવી પણ સંભાવના છે.પરિણામ જાહેર થવાનું હોવાથી ઉત્તેજનાનું મોજું પ્રવર્તયું છે. બે મહિનાના લાંબા વેકેશનના અંતે વિધાર્થીઓ તેમજ વાલીઓ પરિણામ માટે અધીરા બન્યા હતા. આગામી દિવસોમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ ધોરણ ૧૦ ની પરિક્ષાનું પરિણામ પણ જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ તા ૩૦ મેં ના રોજ જાહેર કરવામાં આવશે.જયારે ધોરણ ૧૦ નું પરિણામ પણ આગામી તા ૨ જુનના રોજ જાહેર કરવામાં આવે તેવી શકયતા છે.

# કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવમાં શંકર અહેસાન લૉયની લાઈવ કોન્સર્ટ

### ૩૦ અને ૩૧ મે દરમિયાન ગ્રીષ્મોત્સવની સતત ૨૧મા વર્ષે ઐતિહાસિક ઉજવણી : બોલીવુડના સંગીતકાર પ્રથમવાર શહેરના આંગણે લાઈવ કોન્સર્ટ લઈને આવશે

ગાંધીનગરના આંગણે આ વખતે ગ્રીષ્મોત્સવની ઐતિહાસિક પ્રથમવાર બોલીવુડના લોકપ્રિય સંગીતકારોની ટીમ પોતાના બેન્ડ સાથે ગુજરાતના સુપ્રસિધ્ધ ગાયક કલાકાર પાર્થિવ ગોહિલના પરફોર્મન્સથી થશે.



ઉજવણી થશે. કલ્ચરલ ફોરમ દ્વારા સતત ૨૧મા વર્ષે આયોજિત ગ્રીષ્મોત્સવ અન્વયે આગામી તા. ૩૦ અને ૩૧ મે ના રોજ ઈન્ફોસીટી ખાતે સાંજે ૭ કલાકે ઢળતી સાંજને સુરીલી બનાવવા બોલીવુડના જાણીતા કલાકારો સંગીતના સુર પાથરશે. બોલીવુડના સુપ્રસિદ્ધ કલાકારો શંકર અહેસાન લૉયની લાઈવ કોન્સર્ટ યોજવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતના પાશ્વગાયક પાર્થિવ ગોહીલ પણ સંગીતપ્રેમીઓને ડોલાવશે. દિવસની આકરી ગરમી, ગરમાળો અને ગુલમોરના અનોખા સમન્વય વચ્ચે ગાંધીનગરમાં ગ્રીષ્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. શહેરમાં લાઈવ કોન્સર્ટ લઈને આવશે.

ગાંધીનગરમાં ગ્રીષ્મની ગરીમા વધારતો ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ તારીખ ૩૦-૩૧ મે દરમિયાન યોજાઈ રહ્યો છે. ઉનાળો આવે એટલે ગાંધીનગરાઓ દિવાળી વેકેશનનું પોતાનું આયોજન કરે તે પહેલાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવની તારીખો જાણી લેવાનો ખાસ આગ્રહ રાખતા થઈ ગયા છે. એક-એકથી ચઢિયાતા બે અભૂતપૂર્વ કાર્યક્રમોવાળા ગ્રીષ્મોત્સવ-૨૦૧૫ સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમ સ્થાપનાના ૨૧મા વર્ષમાં પ્રવેશ કરશે.

ગ્રીષ્મોત્સવનો શુભારંભ તારીખ ૩૦મી મે ને શનિવારે 'ઈમોશન્સ' અંતર્ગત પાર્શ્વગાયક પાર્થિવ ગોહિલ લાઈવ પરફોર્મન્સ કરશે. 'હમ દિલ દે ચૂકે સનમ' અને 'સાંવરિયા' જેવી ફિલ્મોમાં પાર્શ્વગાયનથી ભારતભરમાં લોકપ્રિય થયેલા પાર્થિવ ગોહિલ ગાંધીનગર કલ્ચરલ ફોરમના મંચ પરથી ગાંધીનગરાઓને ઘેલા કરશે.

ગ્રીષ્મોત્સવના બીજા દિવસે ગાંધીનગરમાં આ પહેલાં ક્યારેય પ્રસ્તુત ન થયો હોય તેવો કાર્યક્રમ પ્રસ્તુત થવા જઈ રહ્યો છે. ભારતની નવી જનરેશનને 'સુનો ગૌર સે દુનિયાવાલો, બુરી નજરના હમ પે

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# આસારામ સામે ચાર્જ ફ્રેમ માટે ૧૦ જૂનની મુદત

ગાંધીનગર, તા. ૨૭

મોટેરા આશ્રમમાં સુરતની મહિલા ઉપર બળાત્કાર ગુજારવાના કેસમાં આશારામ હાલ જોધપુરની જેલમાં છે ત્યારે આ કેસમાં ચાર્જ ફ્રેમ માટે આજે ગાંધીનગર કોર્ટમાં મદુત હતી પરંતુ જોધપુર કોર્ટમાં રોજે રોજની સુનવણીના કારણે ગાંધીનગર કોર્ટમાં આશારામ હાજરી નહીં રહી શકતા હવે કોર્ટે ચાર્જ ફ્રેમ માટે દસમી જૂનની મુદત આપી છે. જો કે, આશારામની પત્નિ અને પુત્રી કોર્ટમાં હાજર રહ્યા હતા.

મોટેરાના આશ્રમમાં સુરતની મહિલા ઉપર બળાત્કાર ગુજારવા અંગેના કેસમાં પોલીસે આશારામની ધરપકડ કરીને જેલ હવાલે મોકલી દીધા હતા અને આ અગાઉ પણ રાજસ્થાનના જોધપુરમાં કિશોરી સાથે દુષ્કર્મ આચરવાના પ્રયાસમાં આશારામ જોધપુર જેલમાં છે. ત્યારે મોટેરા આશ્રમમાં મહિલા ઉપર ગુજારેલા બળાત્કારમાં તેમની પત્નિ લક્ષ્મી અને પુત્રી ભારતી સહિત અન્ય સાધકોની સંડોવણી પણ બતાવવામાં આવી હતી. આ કેસ ગાંધીનગર કોર્ટમાં ચાલી રહ્યો છે અને બંને પક્ષો વચ્ચે દલિલો પણ થઈ રહી છે. ત્યારે કોર્ટ દ્વારા કેસમાં ચાર્જ ફ્રેમ માટે આજે તા. ૨૭મે એ મુદત રાખવામાં આવી હતી. પરંતુ જોધપુરના કેસમાં ચાલી રહેલી રોજે રોજની સુનવણીના કારણે આશારામને ગાંધીનગર કોર્ટમાં હાજર નહી કરી શકાય તેવો પત્ર જેલ અધિક્ષકે ગાંધીનગર કોર્ટને લખ્યો હતો. જેથી આરોપી આશારામની હાજરીના અભાવે સેસન્સ કોર્ટે ચાર્જ ફ્રેમની મુદત તા. ૧૦મી જૂને રાખી છે. જો કે, સહઆરોપી આશારામની પત્નિ અને પુત્રી તેમજ અન્ય સાધકો ગાંધીનગરકોર્ટમાં હાજર રહ્યા હતા. હવે તા. ૧૦મી જૂને આશારામને ગાંધીનગર કોર્ટમાં લાવવા માટે પત્ર વ્યવહાર કરવામાં આવશે.

## અમૂલનો મામલો હાઈકોર્ટે પહોંચ્યો

અમુડલ ડેરીમાં ત્રણ સરકારી પ્રતિનિધિઓ નિમવાની સરકારની નોટિસ સામે હાઈકોર્ટમાં અપીલ કરી દેવામાં આવી છે. આ સમગ્ર મામલામાં ૧૬મી જુનના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. અમુલ ડેરીમાં ત્રણ સરકારી પ્રતિનિધિ નિમવાની કરાયેલી દરખાસ્ત સામે ડેરીના સંચાલકોએ હાઈકોર્ટનો આદેશ લેતા રાજ્યની વડી અદાલતે આ કેસમાં તા.૧૬ જુનની મુદત આપી છે.

# ડી.જે. પાંડીયનના એકસ્ટેન્શન અંગે નિર્ણય આજકાલમાં

ગાંધીનગર, તા.૨૭

રાજ્યના મુખ્ય સચિવ ડી. જે. પાંડીયનને ૬ મહિનાનું એકસટેન્શન આપવાના મામલે મંજુરીની રાહ જોવાઈ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા આજકાલમાં જ મંજુરીના હુકમો આપી શકે તેમ જણાય છે. સચિવાલયના ઉચ્ચ કક્ષાએથી મળતી માહિતી મુજબ ડી. જે. પાંડીયનનું એક્સટેન્શન નિશ્ચિત મનાય છે. પરંતુ જો સમયસર હુકમો ન થાય તો મુખ્યસચિવ પદે



જી. આર. અલોરીયાની નિમણુંક થશે એવી ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના મુખ્ય સચિવ ડી.જે. પાંડીયન વય નિવૃત્ત થઈ રહ્યા છે. જો કે તેમને ૬ મહિના માટે એકસ્ટેન્શન આપવા અંગેની એક દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા હજુ આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી ન હોય પાંડીયનને મુખ્ય સચિવ તરીકે એકસ્ટેન્શન આપવામાં આવશે કે કેમ તે અંગે અનેક અટકળો વહેતી થવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જો પાંડીયનને એસ્કસ્ટેન્શન આપવામાં ન આવે તો તેમની ખાલી પડનારી આ જગ્યા પર નવા મુખ્ય સચિવ તરીકે જી.આર. અલોરીયાનું નામ ચર્ચાઈ રહ્યું છે. જો કે આખરી નિર્ણય તો પાંડીયનના એકસ્ટેન્શનનો લેવાય ત્યાર બાદ નવા મુખ્ય સચિવની નિમણુંક અંગે નિર્ણય લેવાય તેવી શકયતા છે.

# મહેસૂલી સુધારાઓનો વિશેષાંક 'શબ્દમ' મુખ્યમંત્રીને અર્પણ

### જટિલ કાયદાઓના સરળીકરણ અને સુધારાની સામાન્ય નાગરિકને સરળ-સહજ સમજ આપતો વિશેષાંક જનસેવા અભિગમનું સ્તુત્ય પગલું : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્ય શાસનનું નેતૃત્વ સંભાળ્યાના પ્રથમ વર્ષમાં મહેસૂલ કાયદાઓના સરળીકરણ અને સુધારાની કરેલી ગતિશીલ પહેલના સરળ-સહજ આલેખનનો વિશેષાંક 'શબ્દમ' આજે તેમને અર્પણ કરવામાં આવ્યો હતો.

શબ્દમના સંપાદકશ્રી રાજેન્દ્ર રાવલે રાજ્યમાં ૩૬ જેટલા મહેસૂલી સુધારાઓની જે પહેલ પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેહને કરી છે તેને સવિસ્તર અને સામાન્ય માનવીને સમજ આપતી લેખનીમાં આ વિશેષાંક તૈયાર કર્યો છે.



રાજ્ય સરકારે વારસાઈ નોંધણી, નવી શરતની જમીન, પ્રિમીયમ પ્રક્રિયામાં પારદર્શીતા, ખેડૂત પ્રમાણપત્રોની જોગવાઈમાં નવતર ફેરફારો વગેરે મહત્વપૂર્ણ મહેસુલી સુધારા અમલી બનાવ્યા છે તેનું સદૃષ્ટાંત આલેખન આ પ્રકાશનમાં પ્રસ્તુત થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રકાશન જટિલ મહેસૂલી કાયદઓની સરળ-સહજ સમજ સામાન્ય માનવીને સમજાય તેવી ભાષામાં પ્રસિદ્ધ કરવાનું જનસેવા માધ્યમ બન્યું છે તે માટે પ્રકાશકો અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે રૉ-સ્ટાર દર્શન રાવલ અને શિક્ષણવિદ્ શ્રીમતી રાજલ રાજેન્દ્ર રાવલ પણ ઉપસ્થિત રહ્યા હતા. દર્શન રાવલની સિદ્ધિઓ બદલ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.


## હાર્દિક અભિનંદન



**શ્રી રાકેશભાઈ પટેલ**
ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી
ગાંધીનગર મહાનગરપાલિકા

આપની ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેન પદે થયેલ વરણીને અમે હૃદયના ઉમળકાથી વધાવીએ છીએ....
આપની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા સહ અભિનંદન....

શુભેચ્છકો
'બાપા સીતારામ' યુવક મંડળ
સેક્ટર નં. ૫/બી, શોપીંગ પાસે,
'બાપા સીતારામ પાન પેલેસ'

પ્રકાશભાઈ (લાલભાઈ) — અશ્વિન (શર્માજી)
અનિલસિંહ (બાપુ) — કાનજી (દેસાઈ)
ભદ્રેશભાઈ (સીતારામ) — મેહુલ ઓઝા (મોન્ટુભાઈ)
જયેશભાઈ (શુક્લજી) — અલ્લારખા (દાઢી)
જયેશભાઈ (ગોસ્વામી) — મોહમ્મદભાઈ (સચિવાલય)
વિજયભાઈ (જયઅંબે) — મહેન્દ્રભાઈ (એલઆઈસી)
વિનોદભાઈ (વિનભા) — સાગરદાન ગઢવી (દાનબાપુ)
વિકાસભાઈ (આરટીઓ) — દિપક (જય ઉમિયા કિરાણા સ્ટોર્સ)
પ્રકાશભાઈ (બારોટજી) — વિરાભાઈ (વિરાકાકા)

## ઓપન ઈન્ટરવ્યુ - શિક્ષકો જોઈએ છે

ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસ, મોડાસા રોડ, તલોદ, જિ. સા.કાં.
ઈન્ટરવ્યુ તા. ૩૦-૫-૨૦૧૫, શનિવાર, સવારે ૮-૩૦ કલાકે

ટ્રિનિટી પ્રાયમરી સ્કૂલ (ગુજરાતી માધ્યમ)
પ્લેગ્રૃપ/નર્સરી, કે.જી.-૧,૨ અને ધોરણ ૧ થી ૮ (Self Dinanced)
લાયકાત : P.T.C., B.A., B.Sc./M.A., M.Sc., B.Ed./B.P.Ed., Pre P.T.C., P.G.D.C.A./B.C.A./ARD, ગ્રંથપાલ, સંગીત શિક્ષક

Trinity English Medium Pre Primary-Primary, Secondary & Higher Secondary School
Play Group, Nursary, Jr. Kg., Sr. Kg., Std-1st to 12th (Self Financed) Qualification : B.A., B.Sc./M.A., M.Sc., B.Ed./B.P.Ed., Pre P.T.C., P.G.D.C.A./B.C.A. Preference will be given to candidates who have studied throughout in English Medium, Attractive salary will be given to selected candidates.

લાયકાત ધરાવતા અને ચાલુ સાલે જે ઉમેદવારે પરીક્ષા આપી હોય તેઓએ પણ સ્વ હસ્તાક્ષરમાં લખેલ, પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવેલ અને ટેલીફોન / મોબાઈલ નંબર સહિતની અરજી સાથે સ્વખર્ચે હાજર રહેવું.

ટ્રસ્ટી/આચાર્યશ્રી

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com